

**આતંકવાદને ડામવા મોડાસાના વિદ્યાર્થીઓની વડાપ્રધાનને અનોખી રજુઆત**

અમરનાથ યાત્રાળુઓ પર થયેલાં આતંકવાદી હુમલામાં જીવ ગુમાવનારા યાત્રાળુઓ સાથે ચારેકોર સંવેદના પ્રગટ કરાઈ રહી છે. ત્યારે આવું હીન કૃત્ય આચરનાર આતંકવાદીઓની સામે કડક પગલાં લેવા મોડાસાની સરસ્વતી વિદ્યાલયના ૨૩૭૫ વિદ્યાર્થીઓએ ૬૩ ફુટ લાંબો પત્ર લખી પોતાની લાગણી પ્રગટ કરી હતી. એક સપ્તાહ પહેલાં અમરનાથ યાત્રાએ ગયેલા યાત્રાળુઓ પૈકી ગુજરાતના પાંચ યાત્રાળુઓ સહીત સાત યાત્રાળુઓને પોતાની ગોળીઓનો શિકાર બનાવનાર પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓને તેમજ વારંવાર ભારતીય જવાનો પર હુમલા કરતા પાકિસ્તાન સામે કડક કાર્યવાહી કરવા માટે ચારેકોરથી માંગ થઈ રહી છે. ત્યારે સરસ્વતી વિદ્યાલયના આચાર્ય જીજ્ઞેશભાઈ સુથારના સાનિધ્યમાં શુક્રવારે શાળામાં યોજાયેલી પ્રાર્થના દરમિયાન શાળાના બાળકો, શિક્ષકો તેમજ અન્ય કર્મીઓએ બે મિનિટ મૌન પાળી ૨૩૭૫ વિદ્યાર્થીઓએ વડાપ્રધાન મોદીને એક પત્ર લખ્યો હતો. આ પત્રની લંબાઈ ૬૩ ફુટ અને વજન ૩૩૬ ગ્રામ થયું હતું. પત્રમાં તમામ વિદ્યાર્થીઓ અને શાળા પરિવારે સહીઓ કરી આતંકવાદને ડામવા માંગ કરાઈ હતી.

## આજે સંસ્કાર ગ્રુપ દ્વારા વરુણદેવના વધામણા કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૫

સંસ્કાર ગૃપ દ્વારા તા.૧૬ જુલાઈને રવિવારના રોજ સેકટર-૭ શાકમાર્કેટ પાસે આવેલ બગીચા ખાતે સાંજે ૭ કલાકે અમરનાથ યાત્રામાં આંતકી હુમલામાં અવસાન પામેલા શ્રધ્ધાળુઓને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા માટે પ્રાર્થના સભા યોજાશે. ત્યારબાદ ચોમાસાની સિઝનમાં મનમુકીને વરસી રહેલા મેઘરાજા માટે વરુણદેવના વધામણા કરવામાં આવશે. તેમજ બાળકો માટે વિવિધ રમત-ગમત અને સામાન્ય જ્ઞાનના કાર્યક્રમ યોજાશે તેમ સંસ્થાના પ્રમુખ તુષાર દવે એ જણાવ્યું છે.

# વાવોલના અંકુર ફ્લેટસ પાસે પાણીના ભરાવાની સમસ્યા ફરી વકરી

**મુખ્યમાર્ગ પર પાણીના ભરાવાને પગલે વાહનચાલકો ત્રાહિમામ : ગત વર્ષે કરેલી નીકનું પુરાણ થઈ જતા સમસ્યા યથાવત**



ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં વરસાદને પગલે પાણીના ભરાવાની સમસ્યાએ માથુ ઉંચકયું છે. વાવોલના અંકુર ફલેટ પાસેના મુખ્ય માર્ગપરના વળાકમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદી પાણીનો ભરાવો થતા વાહનચાલકો પરેશાનીનો ભોગ બની રહ્યા છે. આ સાથે આ વિસ્તારના રહીશોના આરોગ્ય પર ખતરો પેદા થવા પામ્યો છે.

વાવોલમાં ભાગોળથી એમ.બી. પટેલ હાઈસ્કૂલ તરફ થતા અંકુર ફલેટસ પાસેના ચાર રસ્તા નજીક વળાંકમાંથી મોટો ખાડો હોવાને કારણે દર વર્ષે વરસાદી પાણીના ભરાવાની સમસ્યા ઉભી થાય છે. ગઈ કાલે વરસેલા વરસાદી ઝાપટાં તથા રાત્રિની વરસાદી રમઝટના પગલે અહીં ફરી એકવાર આ સમસ્યાએ માથુ ઉંચકયું છે. આ સ્થળની આસપાસ કોમર્શિયલ કોમ્પ્લેક્ષ, દુકાનો તથા સ્થાનિક રહેણાંક આવેલા છે. ગત વર્ષે આ સમસ્યાને પગલે ગ્રામ પંચાયતમાં સરપંચને રજૂઆત કરાતા નીક કરી આપવામાં આવી હતી જેના કારણે વરસાદી પાણી ઝડપથી વહી જતું હતું. પરંતુ આ વર્ષે આ નીકમાં પુરાણ થઈ ગયું હોવાથી વરસાદી પાણીના નિકાલ માટે કોઈ રસ્તો બચ્યો નથી. અહીં મુખ્ય માર્ગ પર જ નિચાણવાળી જગ્યા હોવાથી પાણીનું મોટું ખાબોચીયું ભરાય છે. જેને પગલે નજીકમાં આવેલ પ્રાથમિક શાળા અને હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને પણ પસાર થવામાં તકલીફ પડી રહી છે. વળી, વરસાદી પાણીનો નિકાલ થતો ના હોવાથી માખી-મચછર જેવા રોગજન્ય જંતુઓનો ઉપદ્રવ વધવા સાથે રોગચાળો ફેલાવાનો ભય રહેલો છે. સત્વરે આ મુખ્ય માર્ગ પર પાણીનો યોગ્ય નિકાલ થાય તેવી વ્યવસ્થા ગોઠવાય તેવી આ વિસ્તારના રહીશો તથા વેપારીઓમાં તેમજ વાહનચાલકોમાં માંગ ઉઠવા પામી છે.

## ખોરજ પાસે બાંધકામ સાઈટ પર કરંટ લાગવાથી વાયરમેનનું મૃત્યુ

ગાંધીનગર નજીક ખોરજ ગામની સીમમાં આવેલી ફેસ્ટીવલ રેસીડેન્સી-૨ ની નવી બની રહેલી સ્કીમનાં વિન્ડ પાર્કમાં ગઈ કાલે સાંજે વાયરમેન યુવાન વિરેન્દ્ર મહેન્દ્રસિંહ યાદવ ઉ.વ.૨૪ સાઈટ ઉપર ઈલેક્ટ્રીકલ કામ કરી રહ્યો હતો ત્યારે વાયરનાં છેડા મોંમા નાંખતા જીવંટ વાયર હોવાથી કરંટ લાગી ગયો હતો અને કરંટ લાગતા બેભાન થઈ ગયેલા આ વાયરમેનનું કરુણ મૃત્યુ નિપજ્યુ હોવાની ઘટના સામે આવી છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ કરાવી ગુનાની બારીકાઈથી તપાસ શરુ કરી છે.

# સે-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં ગટરના પાણી ઉભરાતા રહીશો હેરાન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટીમાં ઘણા સમયથી ગટરના ગંદા પાણીનો નિકાલ થઈ શકતો નથી. જેથી ગટરના પાણી ઘરમાં બેક મારતા વસાહતીઓ મુસીબતમાં મુકાઈ જાય છે. ગટરનું પાણી પાછુ પડતા ઘરોમાં દુર્ગંધ મારતા વસાહતીઓને ઘરમાં રહેવું મુશ્કેલીરુપ બન્યું છે. તો બીજી તરફ ચોમાસાની સિઝન ગંદકી અને મચ્છરોના ત્રાસથી સ્વસ્તિક સોસાયટીના રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. સોસાયટીના પ્રમુખે તંત્ર સમક્ષ લેખિત રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ નિવેડો આવ્યો નથી. ત્યારે ટુંક સમયમાં ગટર ગંદા પાણીના નિકાલની વ્યવસ્થા તંત્ર દ્વારા નહીં કરવામાં આવે તો વસાહતીઓ દ્વારા ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ગટરોના ગંદા પાણી માર્ગો પર ફરી વળવાના કિસ્સા સામે આવી રહ્યા છે. ગટરના ગંદા પાણી માર્ગો પર આવતા ગંદકી ફેલાતા રહીશો હેરાન પરેશાન થઈ જાય છે. તાજેતરમાં શહેરમાં અનેક ફરિયાદો ગટર ઉભરાવવાની મળતા તંત્ર દ્વારા લાઈનનું મરામત કામ પણ હાથ ધરાયુંહતું. તેમ છતા ગટરોના ગંદા પાણી સોસાયટીમાં ફરી વળવાના કિસ્સા સામે આવી રહ્યા છે. સેકટર-૨૭ સ્વસ્તિક સોસાયટી ખુબ જ જુની સોસાયટી છે. જેમાં હજ્જારો નાગરીકો વસવાટ કરે છે. ત્યારે ચોમાસાની સિઝનમાં ઘર આગળ પાણી ભરાઈ રહે છે. તેનો નિકાલ થતો નથી તેવા સમયે ગટરના ગંદા પાણી બેક મારતા નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. ગટરના પાણી ઘરમાં ફરી વળતા અસહ્ય ગંદકી અને દુર્ગંધથી રહીશો હેરાન પરેશાન થઈ ગયા છે. ચોમાસાની સિઝનમાં રોગાચાળો શહેરમાં માથું ઉંચકી રહ્યો છે. ત્યારે સ્વસ્તિક સોસાયટીના રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. ગંદકીને પગલે મચ્છરોના ત્રાસથી નાગરીકો શાંતિથી ઉંઘી પણ શકતા નથી. ત્યારે ગટરના પાણીના નિકાલની વ્યવસ્થા તંત્ર દ્વારા સત્વરે નહીં કરવામાં આવે તો રહીશોએ ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી છે.

# આજે સમાજ શિક્ષણ શિબિરનું આયોજન

ગાંધીનગર, તા.૧૫

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાત વર્ગ, લઘુમતિ અને વિચરતી-વિમુક્ત જાતિના લોકોના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા વિવિધ યોજનાઓ અમલી બનાવી છે. સરકારની વિવિધ યોજનાઓની સમજ મળી રહે તેવા ઉમદા આશયથી વિકસતી જાતિ કલ્યાણ અને વાંસફોડા સમાજ વિકાસ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે સમાજ શિક્ષણ શિબીરનું આયોજન તા. ૧૬મી જુલાઇ, ૨૦૧૭ના રોજ બપોરના ૨.૩૦ કલાકે કડી શૈક્ષણિક સંકુલ, ફાર્મસી કોલેજ કેમ્પસના બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ, સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે.

આ શિબીરના મુખ્ય મહેમાન પદે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના અધિક મુખ્ય સચિવ શ્રી કે.જી.વણઝારા ઉપસ્થિત રહેશે.



ભિલોડા અર્બુદા સેવા સંઘ સંચાલિત આર.જે. તન્ના પ્રેરણા વિદ્યા મંદિરમાં એન.એસ.એસ. વિદ્યાર્થીઓ ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. અર્બુદા સેવા સંઘ મંત્રી દામુભાઈ પટેલ, એન. એસ. એસ. ઈન્ચાર્જ એચ. જે. ભાવસાર, આશિષભાઈ પટેલ, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન શાળા વ્યાયામ શિક્ષક ડી.આર. ચૌધરીએ કર્યું હતું.

## વાહનનો પસંદગી નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકો જોગ

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, ગાંધીનગર દ્વારા ટુ-વ્હીલર્સ, ફોર વ્હીલર્સ, ટ્રાન્સપોર્ટ થ્રી વ્હીલર્સ અને અન્ય ટ્રાન્સપોર્ટના વાહનોની અલગ અલગ સીરીઝમાં નંબરોની હરાજી કરવામાં આવનાર છે. આ અંગે સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીએ વધુમાં જણાવ્યું છે કે, ટુ વ્હીલર્સ વાહનો માટે સીએલ, સીએમ, સીએન, સીપી, સીક્યુ, અને સીઆર સીરીઝમાં, ફોર વ્હીલર્સ વાહનોમાં બીઈ, બીએફ, બીજી, અને બીએચ સીરીઝમાં અને ટ્રાન્સપોર્ટ થ્રી વ્હીલર્સ વાહનો માટે એવાય અને ટ્રાન્સપોર્ટ વાહનો માટે એઝેટ સીરીઝમાં બાકી નંબરોની હરાજી કરવામાં આવનાર છે.

## આભ ફાટ્યું
● અનુસંધાન પહેલાનું ચાલુ

ચોટીલા લગભગ ટાપુમાં ફેરવાઈ ગયા છે. આ પંથકોની નદી-નાળા, ડેમ, તળાવ-સરોવરો છલકાઈ ગયા છે. આભ ફાટયાની અને જળપ્રલયની સ્થિતિને લઈ રાજકોટ, મોરબી, ટંકારા, ચોટીલા સહિતના પંથકોમાં શાળા-કોલેજો અને ધંધા-રોજગારના સ્થળો તંત્રએ બંધ રખાવ્યા હતા. સંખ્યાબંધ ફસાયેલા હજારો લોકોને એનડીઆરએફ અને બચાવ ટીમો દ્વારા સલામત સ્થળે ખસેડાયા હતા. તો, સર્વત્ર ભારે જળપ્રલયના કારણે ભારે વિનાશ અને તારાજીના દ્રશ્યો સર્જાયા છે. રાજયભરમાં અતિવૃષ્ટિને લઈ સરકારને ઈમરજન્સી બેઠક બોલાવાઈ હતી અને તંત્ર તેમ જ તેના અધિકારીઓને હાઈએલર્ટ પર રહેવાની કડક સૂચના આપી દેવાઈ હતી. વરસાદી મેઘતાંડવ અને જળપ્રલયની સ્થિતિમાં માણસની સાથે સાથે ઢોરઢાંખર અને મૂંગા અબોલ પશુઓની હાલત પણ કફોડી અને દયનીય બની હતી.બીજીબાજ, ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણાના પંથકો અને કચ્છ-સૌરાષ્ટ્રના વિસ્તારોમાં પણ ભારેથી અતિ ભારે વરસાદ વરસ્યો હતો.

રાજકોટ, મોરબી, ટંકારા, ચોટીલા અને જામનગરમાં તો આભ ફાટતાં સર્વત્ર જળપ્રલયની સ્થિતિ સર્જાઇ હતી. સૌથી વધુ વરસાદ ચોટીલામાં ૧૫ કલાકમાં ૨૪ ઈંચ જેટલો નોંધાયો હતો. જેના કારણે જળપ્રલય વચ્ચે ચોટીલા બેટમાં ફેરવાઈ ગયું હતું. આ જ પ્રકારે રાજકોટમાં ૧૮ ઈંચ, મોરબીના ટંકારામાં છ કલાકમાં ૧૭ ઈંચ અને જામનગરમાં દસ ઈંચથી વધુ મેઘકહેરથી સર્જાયેલ જળપ્રલય વચ્ચે આ પંથકોના લોકો ત્રાહિમામ્ પોકારી ગયા હતા. સંખ્યાબંધ લોકો ફસાઈ જતાં તેઓને એનડીઆરએફ અને બચાવ ટીમ દ્વારા સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. જામનગરના ધ્રોલમાં છ કલાકમાં દસ ઈંચ વરસાદ ખાબકયો હતો. લતીપુર ગામ તો બેટમાં ફેરવાઈ ગયું હતું, તો ખોડિયાર મંદિર વરસાદી પાણી અને ધસમસતા પ્રવાહમાં ગરકાવ થઈ ગયું હતું. રાજકોટ, મોરબી અને ટંકારામાં બારે મેઘ ખાંગા થતાં જનજીવન તહેસનહસ થઈ ગયુ હતું. આજી નદી બંને કાંઠે વહેતી થતાં લોકો તેને જોવા ઉમટયા હતા. આજીના નીરમાં ત્રણથી ચાર ફુટનો વધારો નોંધાયો હતો. રાજયમાં ચોટીલા, રાજકોટ, મોરબી, ટંકારા સહિતના સૌરાષ્ટ્રના પંથકોમાં વરસાદી ઝંઝાવાતમાં ફસાયેલા હજારો લોકોને સ્થળાંતર કરાવાયું હતું અને તેઓને સલામત સ્થળે ખસેડાયા હતા.

વરસાદી અતિવૃષ્ટિના કારણે આજે અમદાવાદથી રાજકોટ જતી સંખ્યાબંધ એસટી બસોના રૂટ બંધ કરાયા હતા. જેને પગલે એસટી બસ સેવા ખોરવાતાં હજારો મુસાફરો હાલાકીનો ભોગ બન્યા હતા. તો, ઘણી ટ્રેન અને ફલાઈટો પણ વરસાદી માહોલ વચ્ચે નિયત સમય કરતાં વિલંબિત થયા હતા અને મોડા પડયા હતા.

## વિપક્ષનો ટેકો
● અનુસંધાન પહેલાનું ચાલુ

એનસીપીના નેતા શરદ પવારે કહ્યુ હતુ કે ભારતે હાલમાં ધીરજ રાખવાની જરૂર છે. ઉતાવળમાં કોઈ પગલા લેવા જોઈએ નહીં. સીપીએમના નેતા સિતારામ યાચેરીએ કહ્યુ હતુ કે સરકારને આત્મમંથન કરવાની જરૂર છે. દલાઈ લામા અને અમેરિકા અને જાપાન સાથે લશ્કરી કવાયતની નીતિની સમીક્ષા કરવી જોઈએ. બેઠકમાં અમરનાથ યાત્રાના મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. તમામ રાજકીય પક્ષોએ સરકારના વલણને મજબુત ટેકો આપ્યો હતો. બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહ, વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ, સંરક્ષણ મંત્રી અરુણ જેટલી, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત દોવાલ, ટોચના અધિકારીઓએ વિપક્ષના નેતાઓને માહિતી આપી હતી. વિપક્ષી નેતાઓને જમ્મુ કાશ્મીરમાં સરહદ ઉપર અને પાકિસ્તાન સાથેની તંગદિલી તેમજ ચીન મુદ્દે ખેંચતાણ અંગે વાત કરી હતી. આ બેઠકમાં જે લોકો ઉપસ્થિત રહ્યા હતા તેમાં કોંગ્રેસ તરફથી ગુલામ નબી આઝાદ, મલ્લિકાર્જુન ખડગે, સીપીઆઈએમથી સીતારામ યેચુરી, સમાજવાદી પાર્ટી તરફથી મુલાયમસિંહ યાદવ, એલજેપી તરફથી રામવિલાસ પાસવાન અને એનસીપી તરફથી તારિક અનવર, જેડીયુ તરફથી કેસી ત્યાગી ઉપસ્થિત રહ્યા હતા. વિદેશ મંત્રી સુષ્મા સ્વરાજ અને કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહ પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી.

ભુટાન ટ્રાઈ જંકશન ઉપર વિખવાદની સ્થિતિ છે. ભારતીય સૈનિકો વિવાદાસ્પદ વિસ્તારમાં ગોઠવી દેવામાં આવ્યા છે. ટેન્ટ પણ બનાવી દીધા છે. પીછેહઠ કરવા માટે પણ તૈયાર નથી. સિક્કિમ સેક્શનના ૧૦૦૦૦ ફુટની ઉંચાઈએ સ્થિત વિસ્તારમાં જોરદાર મડાગાંઠની સ્થિતિ પ્રવર્તી રહી છે. ચીન સાથે મડાંગાઠના મામલે આગામી દિવસોમાં પણ વાતચીત જારી રહી શકે છે.

## ૩૮ ટકા વરસાદ
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્થિતિ સર્જાઇ હતી. જયારે આજે પણ દિવસ દરમિયાન ઝરમર વરસાદ યથાવત રહયો હતો. આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો યથાવત રહયો હતો. જયારે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે છાંટણા વરસ્યા હતા. ગઈકાલે સાંજે ૫ થી ૯ કલાક દરમિયાન ૫૨ મી મી વરસાદ નોંધાયો હતો. જયારે આજે પણ દિવસ દરમિયાન ૧૪ મી મી વરસાદ વરસ્યો હતો. નગરમાં સિઝનનો ૩૧૬ મી મી અલબત્ત ૧૨.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. અત્યારસુધીમાં સિઝનનો ૩૮ ટકા વરસાદ થઈ જતા ખેડુતોમાં પણ હર્ષની લાગણી વ્યાપી છે. વરસાદી વાયરા સાથે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં પણ નહીંવત તફાવત જોવા મળી રહયો છે. આજે લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડી ગ્રી અને મહત્તમ તાપમાન ૨૮ ડી ગ્રી નોંધાયુ છે. સતત વરસાદી વાતાવરણના લીધે ઠંડકનુ મોજુ પ્રવર્તયુ છે. જયારે સેકટરોમાં કાદવ કીચ્ચડ અને વરસાદી પાણીના ભરવા સાથે અનેકવિધ સમસ્યાઓ પણ આંખ સામે તરવરતી થઈ છે. સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાના અભાવ વચ્ચે પાણી દુર થતા નથી. જયારે પાણીના ભરવાના લીધે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. હજુ આગામી દિવસોમાં પણ ભારે વરસાદની શક્યતાના પગલે તંત્ર એલર્ટ મોડમાં છે.

## આવાસોનું લોકાર્પણ
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરના સે-૭ માં નવા સરકારી આવાસો બાંધવાનુ કામ પુર્ણ થતા આજે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલના હસ્તે કર્મચારીઓને ફાળવણી પત્રો એનાયત કરવામાં આવ્યા હતા. નવી આવાસ યોજનાના લોકાર્પણ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરમાં દાયકાઓ જુના સરકારી આવાસોના સ્થાને નવા કોર્પોરેટ લુક ધરાવતા સરકારી આવાસો બાંધવાની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. નવા આવાસો પાછળ રૂ ૬૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. જયારે ૨૮૭૦ યુનિટ ધરાવતા નવા ૧૦ બ્લોક તૈયાર કરવામાં આવ્યા છે. અદ્યતન આવાસ યોજનાના લોકાર્પણ પ્રસંગે વૃક્ષારોપણ પણ કરવામા આવ્યુ હતુ શહેરીજનોને નગરને સ્વચ્છ અને વધુ હરીયાળુ બનાવવા માટે પણ તેમણે અપીલ કરી હતી. સરકારી કર્મચારીઓને મકાનોના ફાળવણી પત્રો પણ એનાયત કર્યા હતા. તેમણે જણાંવ્યુ હતુ કે ગાંધીનગરને સ્માર્ટ સીટી જાહેર કરાતા રૂ ૫૦૦ કરોડના ખર્ચે વિકાસ કાર્યો હાથ ધરાશે. આ પ્રસંગે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય અશોક પટેલ , ગુડાના ચેરમેન આશિષ દવે મેયર પ્રવિણ પટેલ તેમજ પુર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા ઉપરાંત માર્ગ મકાન વિભાગના મુખ્ય ઈજનેર કે એમ પટેલ જતીન ઓઝા સહીતના અધિકારીઓ હાજર રહયા હતા.

## વાવેતર સંપન્ન
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૨૦૫૮ હેકટરમાં, બાજરીનું વાવેતર ૫૩૪ હેક્ટરમાં, ધાન્યપાકો ૧૩૯ હેક્ટરમાં, તુવર ૮૨ હેક્ટરમાં, મગ ૮૩૪ હેક્ટરમાં તો અડદનું વાવેતર ૨૬૬ હેક્ટરમાં નોંધાયુ છે. તલનુ વાવેતર પણ ૮૧ હેક્ટરમાં નોંધાયુ હોવાનું આ સૂત્રોએ જણાવ્યું છે. કપાસનું વાવેતર ૨૩ હજાર હેક્ટરમાં થવા પામ્યુ છે.

જિલ્લામાં શાકભાજીના પાકો જે ફેર રોપણીના છે તેમાં ડાંગરનું વાવેતર સારૂ થયુ હોવાનુ કૃષિ વિભાગના સૂત્રોએ સ્વીકાર્યુ છે. જિલ્લામાં ઘાસચારાનું વાવેતર પણ ૧૫,૨૯૬ હેક્ટરમાં નોંધાયું છે.

જિલ્લામાં સારા અને સમયસરના ચોમાસાના આગમનને કારણે ખેડૂતોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં આ વાવેતર વિસ્તાર વધુ પ્રમાણમાં વધશે તેમ મનાઈ રહ્યુ છે.

બદલાયેલી પાક પેટર્નને જોતાં મગફળી, શાકભાજી, દિવેલા તેમજ કઠોળ પાકોનું વાવેતર આગામી દિવસોમાં વધશે તેમ ખેડૂતો સાથે સંકળાયેલા સૂત્રોનું માનવુ છે.

## ગ્રાન્ટ અટકી
● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સત્તાવાળાઓ વચ્ચે તાજેતરમાં જ બેઠકોનો દોર પણ આ મુદ્દાને લઈ આરંભાઈ ચુક્યો છે પરંતુ હજુ કોઈ ચોક્કસ હકીકત બહાર આવી નથી.

ગત વર્ષે અર્થાત ૨૦૧૬-૧૭માં હિસાબોનું ઓડિટ થયુ ન હોવાથી પરફોમન્સ ગ્રાન્ટ પેટે મળવા પાત્ર રૂ. ૩૫ લાખનું નુકશાન પણ મનપાને સહન કરવુ પડ્યુ હતુ. આ વર્ષે હજુ નવા નાણાંકીય વર્ષનો પ્રથમ હપ્તો મેળવવા માટે પણ દોડધામ કરવી પડી રહી છે. અન્ય મહાનગરોને આ રકમની ફાળવણી કરી દેવાઈ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપા પાસે કોઈ સત્તા ન હોવાથી તેમજ સેવાઓ પણ ન હોવાથી આ ગ્રાન્ટમાંથી કોઈ ખર્ચ થઈ શક્યો નથી ત્યારે હવે શુ વચલો માર્ગ નીકળે છે તેના પર સૌની નજર મંડાયેલી છે. ૧૪મા નાણાં પંચની ગ્રાન્ટ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવે છે.

## મોરપીંછના રંગ
● ૪ પાનાનું ચાલુ...

ફરજ નથી. શિક્ષક અને અધ્યાપકોનો આટલો મોટો પગાર એટલા માટે આપવામાં આવે છે કે તેઓ એક નવી પેઢીને બૌધિક સ્તરે એમની માનસિકતા ઘડીને રાષ્ટ્ર માટે તૈયાર કરે છે. પરંતુ આ સમજણ શાસ્ત્રમાં હશે પણ આજના શિક્ષકો કે અધ્યાપકોમાં હશે ખરી ? એ એક પ્રાણપ્રશ્ન છે. જ્યા ખુદની જ માનસિકતા હજી પરિપક્વ ના બની હોય, અધ્યાપક પોતે જ હજી અણઘડ અવસ્થામાં હોય, અથવા નવું શીખવાની કોઈ ધગશ ના હોય, ત્યા એ આવતી યુવા પેઢીને કેવી રીતે ઘડી શકશે ? આ શિક્ષક કે અધ્યાપકની જ વિચારધારા સંકુચિત હોય ત્યાં એ નવી પેઢીને શું પ્રેરણા આપશે ? જે શિક્ષક કે અધ્યાપકોના બાળકો જ પરીક્ષામાં નાપાસ થતા હોય એ બીજાના બાળકોને કેવું શિક્ષણ આપશે ? જે પોતાના બાળકોને જ યોગ્ય રીતે સંસ્કારિત ના કરી શકે, બાળકોની આંતરિક શક્તિને ખીલવી ના શકે તો એ બીજાના બાળકોની આંતરિક પ્રતિભાને કંઈ રીતે ખીલવી શકશે ? જે શિક્ષક કે અધ્યાપક પોતે જ અંધશ્રદ્ધામાં, ભૂવા ડાકલામાં માનતા હોય, સ્વભાવની જડતા હોય એ આજની યુવા પેઢીને કંઈ રીતે નવી રાહ ચિંધી શકશે ? જે શિક્ષિકાઓ, અધ્યાપિકાઓ સવારમાં સરસ્વતીના મંદિરમાં ( શાળા કે કૉલેજોમાં ) જતી વખતે પર્સમાં પુસ્તકને બદલે લિપસ્ટીક રાખે, યુવા વિદ્યાર્થીઓનું અને સ્ટાફના અધ્યાપકોનું ધ્યાન ખેંચે એવા પારદર્શક વસ્ત્રો પહેરીને ક્લાસ લેવા જાય, સવારમાં શાળા કે કૉલેજ જતા પહેલા એકાદ કલાક અભ્યાસ કરવાને બદલે મેઈકપમાં વિતાવે તો એ શાળા કે કૉલેજના શિક્ષણના કેવા પરિણામો આવે એ આપણે સૌ જાણીએ જ છીએ.
- આ બધા પ્રશ્નો ખુબ જ વિચારણા માગી લે એવા છે. આજે કેન્દ્ર સરકાર યુજીસી દ્વારા અધ્યાપકોની સજ્જતા વધારવા માટે લાખો રૂપિયાની યોજનાઓ પણ લાવે છે. પરંતુ થોડા સજ્જ અધ્યાપકોને બાદ કરતા કોઈને કશું નવું કરવું જ નથી. એકવાર અધ્યાપક થઈ ગયા એટલે પત્યું. જ્ઞાન, શિક્ષણ અને સજ્જતાનું પૂર્ણવિરામ.

આમ છતાંય આવા સમયે કેટલાક સારા નિષ્ઠાવાન, અભ્યાસૂ અધ્યાપકો, શિક્ષકો - શિક્ષિકાઓ પોતાની ગરિમાને ગૌરવાન્વિત કરીને અનેક વિદ્યાર્થીઓને ભાવિ બનાવવા પૂરી નિષ્ઠાથી મહેનત કરી રહ્યા છે એવા સૌ શિક્ષક, અધ્યાપક મિત્રોને સો સો સલામ.

- 9426060601.india@gmail.com

## રઝળપાટ
● ૪ પાનાનું ચાલુ...

વસ્તીવધારાને લીધે ઉત્પન્ન થનારી સમસ્યાઓ આપમેળે જ મનુષ્યોની વાટ લગાડી દેવાની છે. ઈવન મશહુર ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગ્સનું પણ માનવું છે કે પર્યાવરણીય નુકશાનને લીધે ધરતી ૧૦૦ વર્ષ પછી રહેવા લાયક નહિ રહે અને જો મનુષ્યો હશે તો એમણે બીજા કોઈ ગ્રહ પર રહેવા જવું પડશે.

વૈજ્ઞાનિકોએ અનેક પ્રકારે પૃથ્વીના વિનાશની શક્યતાઓ દર્શાવી જ છે જેમકે એસ્ટ્રોઈડ યાની કી ખરતા તારાનું પૃથ્વી સાથે અથડાવું ઉલ્કાથી પણ મોટા આ તારાઓ ઘણીવાર પૃથ્વીની પાસેથી પસાર થઈ ગયા છે પણ વૈજ્ઞાનિકોનું માનવું છે કે એવું કાયમી થોડું થશે ? એ પૃથ્વી સાથે ક્યારેક તો અથડાઈને સર્વનાશ લાવી શકે છે . ઘણા વિશેષજ્ઞોનું માનવું છે અણુયુદ્ધ પૃથ્વીના વિનાશનું મુખ્ય કારણ બની શકે છે. લાલચ અને તાકાતના મોહમાં જો અણુયુદ્ધ છેડાયું તો પૃથ્વી કે પૃથ્વીના અમુક હિસ્સાનું નીકંદન નક્કી છે. જો કે નેશનલ એકેડમી ઓફ સાઈન્સીઝે તૈયાર કરેલું રીસર્ચ પેપર કે પછી ધર્મગ્રંથોમાં કરેલી પૃથ્વીના અંતની ભવિષ્યવાણીઓ કે પછી આગળ લખ્યા એ પૃથ્વીના અંતના સંભવિત કારણો એ એકમાત્ર તારણો કે પછી આશંકાઓ છે....ખરેખર પૃથ્વી ક્યારે અને કેવી રીતે વિનાશ પામશે એ તો ઉપરવાળો જાણે....!

વિસામો :

“પ્રકૃતિ આપણી બધી જરૂરિયાતો પૂરી કરી શકે એમ છે પણ લાલચ નહિ.....પોતાની સુખ—સગવડ માટે પ્રકૃતિ સાથે છેડછાડ કરીને બનાવેલો આધુનિક વિકાસનો રસ્તો મહાવિનાશ તરફ લઈ જશે”

—મહાત્મા ગાંધી

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.**

(ગુજરાત સરકારનું સાહસ)

**એન્ટી વાયરસ સોફ્ટવેર જરૂરીયાત**

નિગમની વડી કચેરી ખાતે ઉપયોગમાં લેવામાં આવતા કોમ્પ્યુટરના પ્રોટેકશન માટે એન્ટી વાયરસ QUICK HEAL TOTAL SECURITY ADMIN CONSOLE 4.2 સોફ્ટવેર જરૂરીયાત છે. જેની વિગત નીચે મુજબ છે. જેથી રસ ધરાવતી એજન્સીઓ પાસેથી તા. ૨૫/૭/૨૦૧૭ સુધીમાં ઓફીસ સમય દરમિયાન નીચેના સરનામે બંધ કવરમાં ભાવ મંગાવવામાં આવે છે. અને ભાવમાં ટેક્ષ અલગથી બતાવવો.

| ક્રમ | સોફ્ટવેર | કોમ્પ્યુટરની સંખ્યા | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | QUICK HEAL TOTAL SECURITY ADMIN CONSOLE 4.2 | ૩૭ | ૩ વર્ષ માટે |

મેનેજીંગ ડીરેક્ટર

**ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લી.**
હેન્ડલુમ ટેકનોલોજી ઈન્સ્ટીટ્યુટ બિલ્ડીંગ કમ્પાઉન્ડ, પ્રથમ માળ,
મહાત્મા મંદિર પાસે, સેક્ટર-૧૩, ગાંધીનગર-૩૮૨૦૧૩,
Phone No. : (079) 23241712/23247033 |Fax No. : 079-23247059
www.gurjari.co.in | Email : contact@gurjari.co.in | CIN U22219GJ1973SGC002360

ઓનલાઈન ખરીદી માટે www.garvigurjari.in

માહિતી/૧૦૫૩/૧૭-૧૮

**ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા**

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ,
સેક્ટર-૧૫, ‘ગ’ રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૩૩૦૭

**જાહેર નિવિદા**

કાર્યપાલક ઈજનેરશ્રી, કોમ્પ્યુનિકેશન એન્ડ કેપેસીટી ડેવલપમેન્ટ યુનિટ (સીસીડીયુ), ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ‘ગ’ રોડ, ગાંધીનગર દ્વારા, તાલીમ કેલેન્ડરના એ/૩ સાઈઝના ૬ પાનાના પુસ્તકના, ડીઝાઈનીંગ, મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગના જોબવર્ક કામ (કુલ ૧૦૦૦ નંગ કોપી સહિત અંદાજીત રકમ રૂ. ૨૧,૦૦૦.૦૦) માટે રસ ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર આપવાની છેલ્લી તારીખ : ૨૨/૭/૨૦૧૭ છે તથા ટેન્ડર સીલબંધ કવરમાં અત્રેની કચેરીને તારીખ ૨૯/૭/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાક પહેલા ફક્ત આર.પી.એ.ડી.થી મળી જાય તે રીતે મોકલવાના રહેશે. શક્ય હશે તો મળેલા ભાવપત્રકો તારીખ : ૩૧/૭/૨૦૧૭ના રોજ ૧૨.૩૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર અંગેની વધુ વિગતો અને માહિતી, શરતોને આધિન, ઉપરોક્ત કચેરી પરથી, ઓફીસ સમય દરમિયાન સંબંધકર્તાઓએ મેળવવાની રહે છે. કોઈપણ ટેન્ડર સ્વીકારવા / રદ કરવાની સત્તા કાર્યપાલક ઈજનેરને અબાધિત રહેશે.

માહિતી/૧૦૬૧/૧૭-૧૮